સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

(રજત જયંતી વર્ષ)

ખેડુમાં ફાયદા સમજનારા હશે તો ખરા ને!
કૃષિ નિષ્ણાતો ને વકીલો પણ, હશે તો ખરા ને!
ખેલંદા રાજકારણના પણ - હશે તો ખરાને !?
ભલાં-બૂરાંથી સભાન કોઈક, હશે તો ખરા ને!?
(કાયદા સમજાવવાનું અભિયાન શરૂ)

ફેરવે સૌને
'ગોળ-ગોળ' ટેબલે -
રચ્યો સમિતિ !!
(લ્યો! કર્યો-કપિ ન્યાય)

હાથ જોડી ને-
શિયાળ - બગલાનો -
થાય સંવાદ...
(ભોજન સમારંભ-વાર્તા)

હાઈકુ

ચિંતન

ઉદ્યમં સાહસં ધૈર્યં બુદ્ધિઃ શક્તિઃ પરાક્રમઃ ।
ષડેતે યત્ર વર્તન્તે તત્ર દેવઃ સહાયકૃત ॥

ઉપરોક્ત શ્લોક સંસ્કૃત સુભાષિત ભાંડાગારમાંથી લેવામાં આવેલ છે.

ઉદ્યોગ, સાહસ, ધીરજ, બુદ્ધિ, બળ, પરાક્રમ એ છ જ્યાં હોય છે ત્યાં દેવ મદદગાર થાય છે.

મનુષ્ય ઉદ્યમ કરે, ખંતથી મહેનત કરે તો જ ઈશ્વર મદદ કરે છે. મુશ્કેલી આવે અને કામ છોડી દે તેવા માણસને સફળતા કે ઈશ્વરની સહાય મળતી નથી. કામ નહીં કરનાર ને જેમ કામમાં સફળતા મળતી નથી તેમ કામ મળતી નથી. તેમ કામ છોડી દેનાર ને પણ કામમાં સફળતા ન મળે.

ઈશ્વરની મદદ મેળવવામાં સાહસ નો ગુણ હોવો જોઈએ. કામનો પડકાર જે ઝીલી શકે, હિંમતથી કામ હાથમાં ન લે તેને પણ ઈશ્વર મદદ ન કરે.

શાંતિથી વિચાર્યા વગર જ આંધળું સાહસ કરે તેને ઈશ્વર મદદ કરતો નથી. ધીરજ રાખી ગણતરીપૂર્વકનું સાહસ કરે તે જ પોતાના કાર્યમાં સફળ થાય છે. બુદ્ધિશાળી માણસ કાર્યની બુદ્ધિથી ચારેબાજુથી વિચારણા કરીને કાર્યમાં સફળતા મેળવી શકે છે. કાર્ય કરવાની તાકાત કે ગુંજાશ હોય તો જ મનુષ્ય તે કાર્ય કરી ઈશ્વરની સહાય મેળવી શકે છે. બુદ્ધિ વડે વિચાર કરી ગણતરીપૂર્વકના સાહસનું કાર્ય કરવાની તાકાત હોય તો પણ માણસમાં જો પરાક્રમ એટલે હિંમત ન હોય તો તે કાર્ય કરી શકે નહીં.

સુવિચાર

- વિચાર એ કિસ્મતનું બીજું નામ છે - **સ્વામી રામતીર્થ**
- નિંદાનું એક હલકું ગણિત એ છે કે બીજાને હલકાં ચીતરવા માટે એની નિંદા થતી નથી, પણ પોતે એનાથી મહાન છે એવું બતાવવા નિંદા થતી હોય છે - **પં. રત્નસુંદર વિજયજી**
- મનુષ્યની સર્વોત્તમ જિજ્ઞાસા આત્મજ્ઞાની જ રહી છે - **આલ્બેર કામૂ**
- શ્રધ્ધા નહીં, દૃષ્ટિ જ આપણું પ્રેરક બળ રહો!! - **સેન્ટપોલ**
- સપને 'Upload' તો તુરંત હો જાતે હૈં, લેકિન 'Download' કરને મેં જિંદગી નિકલ જાતી હૈ!! - **ભાર્ગવ સિન્હા**
- જો કાર્ય કરવાથી પસ્તાવો થાય કે વેઠની જેમ કરવામાં આવ્યું હોય તો અંતે આંસુ અને શોક જ પ્રાપ્ત થાય છે - **ધમ્મપદ**
- આજનું ઔષધ : અમરવેલ ને વાટી ને પેસ્ટની જેમ ખજવાળ વાળા ભાગ ઉપર લગાવવાથી તરત રાહત થાય છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

કવિ નર્મદના ઘરમાં એવા દિવસો આવ્યા હતા કે ઘરમાં ખાવા માટે અનાજ હોય નહીં! આમ છતાં નર્મદ લેખન કાર્યમાં જ મસ્ત રહેતા હતા. ઘરની વ્યવસ્થા કેવી રીતે ચાલે છે તેની તેમને કંઈ ફીકર ચિંતા ન રહેતી. ઘરનો બધો વ્યવહાર એમનો વિશ્વાસુ રસોઈયો નરભેરામ ચલાવતો હતો. એકવાર કવિ નર્મદ સવારથી ભરબપોર સુધી લેખનકાર્યમાં મશગુલ રહ્યા. અચાનક એમને ખ્યાલ આવ્યો કે જમવાનો સમય વીતી ચૂક્યો છે. એમણે રસોડામાં જઈ નરભેરામ ને કહ્યું, 'ભૂખ લાગી છે. જમવાનું આપો.' નરભેરામ અશ્રુસભર નયને બોલ્યો.' કવિરાજ ઘરમાં અનાજનો એક દાણો નથી અને હા આપણી પાસે જે બચત ગણો તે આ એક પાવલી જ બાકી રહી છે!!' કવિ નર્મદે નિખાલસ ભાવે કહ્યું, 'વાહ પાવલી તો છે ને? જા, બજારમાં જઈને પાવલીનું જે કંઈ આવે તે લઈ આવ.' નરભેરામ બજારમાં ગયો અને બે આનાનું દૂધ અને બે આનાના પૌંઆ લઈ આવ્યો. દૂધ પૌંઆ ખાતાં નર્મદે નરભેરામને કહ્યું, 'ભાઈ, આ પણ જીવનનો એક રંગ જ જાણ !! કુદરત આપણને જીવનના જે જે રંગ બતાવે તે જોવા જોઈએ, એમાં કદી હતાશ થવું ન જોઈએ. મનથી મજબૂત બનીને આવા કપરા સંજોગોને પણ વધાવી લેતા શીખવું જોઈએ!! દૂધ-પૌંઆ આરોગીને વળી પાછું કવિ નર્મદે લખવાનું શરૂ કર્યું.

પાણી પહેલાં પાળ બાંધીએ

તંત્રીસ્થાનેથી...

ક્યારેક જેના સામ્રાજયમાં સૂરજ આથમતો નહોતો એવા ગ્રેટ બ્રિટનને કોરોનાએ ઘૂંટણિયે પાડી દીધું છે. વડાપ્રધાન બોરીસ જોનસન પોતે સંક્રમિત થઈને સાજા થયા એ ઘટનાને લોકો હજી ભૂલ્યા નથી ત્યાં બરાબર નાતાલના દિવસોમાં પ્રજાહિત ખાતર એમણે ૩૦ ડિસેમ્બર સુધી કડક લોકડાઉન જાહેર કર્યું છે અને પરિવાર જનો પણ એકમેકના ઘરે નહીં જઈ શકે એવા આદેશો જાહેર કર્યા છે. કોરોના વાઈરસનો વધુ એક સિત્તેર ટકા વધારે શક્તિશાળી પ્રકાર પ્રસરી રહ્યો છે. જો એને છૂટો દોર મળશે તો એ હાહાકાર મચાવી શકે એમ છે, પાણી પહેલાં પાળ બાંધવાની વ્યૂહાત્મક નીતિ અપનાવી તજજ્ઞો સાથે ચર્ચાવિચારણા કરી ઈંગ્લેન્ડના વડાપ્રધાને સમસ્ત લંડન શહેર અને સાઉથ ઈસ્ટ ઈંગ્લેન્ડના વિસ્તારોમાં નવેસરથી વધુ કડક લોકડાઉન થોપી દીધું છે. દેખીતું છે કે સામાન્ય પ્રજાને લોકડાઉન પસંદ ન જ પડે. એથી તાબડતોબ લંડન નિવાસીઓ શહેર છોડી સલામત વિસ્તારો તરફ પહોંચી જવા રેલવે સ્ટેશનો પર ઉમટી પડ્યા છે. અગાઉ ખુદ જોનસન સરકાર ક્રિસમસના પાંચ દિવસ પૂરતી વધુ છૂટછાટો આપવા વિચારતી હતી, પરંતુ વર્તમાન કોરોના વાઈરસની વધુ ખતરનાક જાત જન્મી ચૂકી છે એની ખાતરી થયા પછી એમણે આવાં વધુ કડક પગલાં ભરવાની અને અણગમતું લોકડાઉન જાહેર કરવાની ફરજ બજાવી છે. અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ કોરોનાને નિયંત્રણમાં લેવા માટે લોકડાઉન લાદવાની તરફેણ ત્યારે પણ નહોતા કરતા એમ ચૂંટણી હારી ગયા પછી આજની તારીખે પણ નથી કરતા. પરંતુ જયારે પ્રજાનો મોટો સમૂહ અત્યાર સુધીમાં કોરોના સંક્રમિત થઈને ત્રાહિમામ પોકારી રહ્યો હોય અને લાશોના અંબાર ખડકાઈ રહ્યા હોય તેવા સમયે શાસનકર્તાઓએ અળખામણાં લાગે એવાં પગલાં પણ લેવાં પડ્યાં હોય છે. એ સાચું કે લોકડાઉનથી દેશની અર્થવ્યવસ્થાને ભારે ફટકો પડે છે, વળી ગરીબ માણસ માટે તો બે ટંકના રોટલાનો પ્રશ્ન ઊભો થાય છે. ભારત જેવા ગરીબોની બહુમતી ધરાવતા દેશમાં લોકડાઉનનો પ્રયોગ કાં તો અમલી જ નથી બની શકતો અથવા એથી ઉદ્ભવેતી અનેકવિધ સમસ્યાઓ રાજનેતાઓ અને ઉદ્યોગપતિઓ કે વેપારીઓથી લઈ છેક છેવાડાના માનવીને હેરાનપરેશાન કરી મૂકે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શરૂઆતમાં એકવીસ દિવસ પૂરતું લોકડાઉન જાહેર કર્યું એ પછી સતત લંબાવ્યે રાખ્યું પણ જેવી થોડીક છૂટછાટ મૂકી કે કોરોના માટે મોકળું મેદાન ઉપલબ્ધ થઈ ગયું અને અમેરિકાની લાઈનમાં બીજા નંબર પર આવી જવાયું. મરણાંક અને એક્ટિવ કેસોને ચાતુર્યપૂર્વક દબાવવા-છુપાવવાથી હકીકત બદલાઈ જતી નથી. હવે જયારે કોરોના વાઈરસની વધુ ખતરનાક સ્ટ્રેઈન મળી આવી છે ત્યારે તે ઈંગ્લેન્ડથી ભારતમાં ન પ્રવેશે એની તકેદારી રાખવા જરૂરી પગલાં ભરવાં જ રહ્યાં. યુરોપના કેટલાક દેશોએ ઈંગ્લેન્ડથી આવનારી ફ્લાઈટો પર પ્રતિબંધ મૂકી દઈ પોતાનું રક્ષાકવચ મજબૂત કરી દીધું છે. ભારતે પણ એવાં જ પગલાં લીધા વગર છૂટકો નથી. બોરીસ જોનસન એક જવાબદાર રાજપુરુષ છે. પોતાના દેશને આવી પડનાર વધુ મોટી આફતમાંથી ઉગારવા એમણે તહેવારના દિવસોમાં જ લોકડાઉન જાહેર કર્યું છે અને ક્રિસમસની ઉજવણી પર પ્રતિબંધ મૂકી દીધો છે. ભારતે પણ આ પગલું અનુસરવા જેવું છે. આપણી બિનખ્રિસ્તી પ્રજા પણ ૩૧ ડિસેમ્બરની ઊજવણી તો ઘેલછાપૂર્વક કરતી રહી છે. આવી ઉજવણી પર કડક નિયંત્રણ લાદી શહેરોમાં લાદેલા કરફ્યૂને દૂરદરાજનાં ફાર્મહાઉસો સુધી લંબાવવાની જરૂર છે. સરકાર આ મુદ્દે સજાગ છે જ, પરંતુ સાથે જ પ્રજાએ પોતે સામે ચાલીને આવા સામૂહિક મેળાવડાઓ અને ઉજવણીઓથી દૂર રહેવાની જરૂર છે. દિવંગતોની શ્રદ્ધાંજલિસભાઓ, બેસણાં અને લગ્ન સમારંભોને અપાયેલી છૂટછાટો પણ પાછી ખેંચી લેવાશે તો એ પ્રજાહિતમાં લેવાયેલ પગલું જ લેખાશે.

દીકરી જયારે સદ્‌ગુણોથી સતત સંવર્ધિત થતી રહે ત્યારે અજવાળા રેલાય છે

અજવાળું - અજવાળું
તુષાર જોશી

'એ ધોરણ ૧૨મી પરીક્ષા આપવાની હતી. હું જ રોજ એને સેન્ટર પર લેવા ને મૂકવા સ્કૂટર પર જાઉં. પહેલું પેપર હતું, અમે બંને સ્કૂટર પર જતા હતા. મેં સ્કૂટર ચલાવતા સહજભાવે કહ્યું કે 'બેટા, પેપરમાં તને કાંઈક ન આવડે તો સ્હેજ પણ ચિંતા ન કરતી. કોઈ ચોરી કરતું હોય તો એમાં ધ્યાન ન આપતી અને ચોરી કરવાની તક મળે તો પણ ના કરતી.. તો પાછલી સીટ પરથી મારા ખભે પ્રેમાળ હાથ મૂકીને કહે, 'મા, તને નથી લાગતું કે તેં અમને બહુ જ સરસ અને સાચી રીતે જીવતા શીખવ્યું છે...?' મારો જિંદગીભરનો જાણે થાક ઉતરી ગયો અને મા તરીકે મને ભરપૂર ટાઢક મળી...'

જીગીષાના મમ્મી, જાણીતા સાહિત્યકાર અને ગુજરાત વિદ્યાપીઠના વરિષ્ઠ પ્રોફેસર અને ગુજરાતી વિભાગના અધ્યક્ષ ડૉ. ઉષા ઉપાધ્યાયે હર્ષ સાથે ભીની આંખે સંસ્મરણો તાજા કર્યા.

'આપણે ત્યાં કેહવાય છે કે દીકરી પોતાના, સાસરાના ને મોસાળના, એમ ત્રણ કુળના સંસ્કારોને ઉજાગર કરે છે, જીગીષા આવી જ ગૌરવશાળી દીકરી છે.' જીગીષાના ફ્લેટની એક જ દિવાલે આવેલા ફ્લેટમાં થોડા વર્ષો જેઓ રહ્યા છે એવા એના મામી મનીષાએ જીગીષા માટેની પોતાની લાગણી વ્યક્ત કરી.

માતા ઉષાબહેન, પિતા ઘનશ્યામભાઈ, માસી રીટાબેન શિક્ષણ ક્ષેત્રમાં કાર્ય કરે. ભાઈ કૌશલ એના કરતાં બે વર્ષ મોટો અને એનો બેસ્ટ ફ્રેન્ડ. જીગીષાના મમ્મી ઉષાબહેને બંને બાળકોમાં શબ્દ-સૂર-સાહિત્ય-સત્ય-માનવતા- પોઝીટીવીટી જેવા શાશ્વત મૂલ્યો અને સંસ્કારોનું વાવેતર કર્યું.

બાળપણ જૂનાગઢમાં વીત્યું... ગરવા ગિરનારની ગોદમાં રહી એટલે પ્રકૃતિ સાથે સહજ નાતો બંધાયો. એ પાટી-પેનમાં લખતી હતી એવા સમયે મમ્મીને કશુંક લખતા જોયા... પૂછ્યું કે 'શું લખો છો?' મમ્મી કહે, 'વાર્તા લખુ છું....' બે દિવસ રહીને પાટી - પેન સાથે ઢીંગલી રૂપી જીગીષા આવી, કહે મારે પણ વાર્તા લખવી છે.' મમ્મી કહે, 'તું બોલ અને હું લખું...' એ બોલી, મમ્મીએ પાટીમાં લખી તે એની પહેલી વાર્તા. પછીથી એ વાર્તા તે સમયના લોકપ્રિય બાળ મેગેઝીન 'ઝમઝમ' માં મોકલી અને તંત્રી મોહનભાઈ પટેલે છાપી પણ ખરી. ઊંઝાની બાળ સાહિત્ય શિખરમાં ભાગ લીધો. ગીત-કવિતાને ગઝલ લખતી થઈ.... કૉલેજમા આવી તો ધ્રુવ ભટ્ટની તત્વમસી નવલકથાના પુરીયા ડાકીન ભઈલી અંશમાંથી મોનો એક્ટીંગમાં એવી સુપર્બ એક્ટીંગ કરી કે જ જે એને ટીવી સીરીયલમાં એક્ટીંગ માટે નિમંત્રણ, આપ્યું, જીગીષા કહે મારે તો પર્યાવરણમાં રિસર્ચ કરવું છે.

બાળપણથી જીવદયાનો ગુણ જીગીષાએ આત્મસાત કરેલો, એટલે કયારેય પતંગો ચગાવ્યા નહીં, એટલું જ નહિ, ઘાયલ થયેલા પક્ષીઓની સારવારના ગ્રુપમાં જોડાઈ અને પક્ષીઓ જ સારવાર માટે પાંજરાપોળમાં પણ જતી. એના મમ્મી કહે છે કે ૨૦૧૦માં જીવદયાના હતા - મને કહે કે, 'મમ્મી તું સૂત્રો લખી આપ.' મારી પ્રકૃતિ કોઈની ફરમાઈશ પર લખવાની નહિ... તો જીગીષાએ રોજ પંખીઓની વાતો કરીને મારામાં એ ભાવ જગાવ્યા ને મેં સૂત્રો લખી આવ્યા.

પરિવારમાં વડીલોને ખૂબ આદર આપે, ને ભાઈ કૌશલ તો અનહદ વહાલો. ૧૯૮૭-૮૮માં બંને ભાઈ-બહેનના બાળપણનો પ્રસંગ છે. કૌશલ બહુ ધમાલ-મસ્તી કરતો હતો. એના મમ્મીએ કહ્યું કે બહુ તોફાન કરીશ તો તને હોસ્ટેલમાં મુકી દઈશ. રાત્રે જીગીષા મમ્મીને વળગી પડીને કહે કે, 'મા એને હોસ્ટેલમાં નહિ મોકલતી, હું એકલી થઈ જઈશ...'

ડ્રાઈવીંગ સ્કૂલમાં ડ્રાઈવીંગ ના શીખી, ભાઈ પાસેથી જ શીખી, અને એટલું પરફેક્ટ કે ગુજરાતમાં જ નહિ, અન્ય રાજયોમાં પણ ઈનોવા કાર બહુ જ કોન્ફીડન્સથી અને એક્યુરસી સાથે ચલાવે.

એમ.એસ.સી. થયા પછી આઈઆઈએમમાં તાલીમ લેવી હતી. ઈન્ટરવ્યુ લેનાર પ્રોફેશરે પાંચ મિનિટનો સમય ફાળવ્યો હતો, અડધી કલાક ઈન્ટરવ્યુ ચાલ્યો.... આખરે એમણે પૂછ્યું કે, 'તમને નોકરીમાં રસ છે કે રિસર્ચમાં 'જીગીષાએ તુરંત જવાબ આપ્યો' અહીં રિસર્ચ માટે જ જોડાવું છે.' ને એ પસંદ પણ થઈ ગઈ.

એના લગ્ન ૨૦૧૨માં થયા. અમેરિકા સ્થિત ગુજરાતી યુવાન રવિ પંડ્યા સાથે. તે સમયે પીએચ.ડીનું કામ પૂરું થવામાં હતું. જીગીષાએ ઘરની જવાબદારીઓ પણ નિભાવી અને પીએચ.ડી પણ પૂર્ણ કર્યું. પર્યાવરણના આંતરરાષ્ટ્રીય મેગેઝીનોમાં એના રિસર્ચ પેપર પ્રકાશિત થયા અમેરિકામાં અત્યારે ગુજરાત અને ભારતના સંસ્કારોને જીવંત રાખતી સાહિત્ય - નૃત્ય - ગરબા જેવી તમામ પ્રવૃત્તિઓમાં એ સતત જોડાયેલી રહે છે.

દીકરી જયારે સદ્‌ગુણોથી સતત સંવર્ધિત થતી રહે, સત્ય-પ્રેમ-કરુણા, જીવદયા, માનવતા ને ભારતીય સંસ્કૃતિના શાશ્વત મૂલ્યોની જાળવણી કરે, સાથે સાથે જ પોતાના કાર્યમાં સતત સંશોધન અને સાહસ સાથે આગળ વધતી રહે ત્યારે સાચ્ચે જ ચારે દિશામાં સંસ્કારના ને તેજસ્વીતાના અજવાળા રેલાય છે.

કિતને દૂર કિતને પાસ... કુછ તુમ કહો કુછ હમ કહે...

વિચારયાત્રા
ડૉ. જય ઓઝા

ગયા વખતે ફિલ્મ ''સાથિયા''થી વાત શરૂ કરી હતી...આજે ૨૦૧૫માં આવેલી તમિલ ફિલ્મ ''ઓકે કાનમની''થી લેખનો આરંભ કરી રહ્યો છું. મણિરત્નમની સુંદર ફિલ્મ તમિલમાં જ સબ-ટાઇટલ સાથે જોઈ હતી, અને પ્રકાશરાજનાં અદ્ભૂત અભિનયથી આ ફિલ્મ પ્રેક્ષણીય બની હતી. આજ-કાલ લીવ-ઈન રીલેશનશીપના નામે જે રીતે સ્વતંત્રતાને સ્વચ્છંદતામાં ફેરવાઈ જાય તે હદે છાકટાઈ વધી ગઈ છે ત્યારે અને જવાબદારીઓથી છટકવાની છીડાબારી શોધતી નવી પેઢીની આછકલાઈ સાથે જૂની પેઢીની દેખાડા વગરની પ્રેમભરી લગ્નજીવનની દુનિયા દર્શાવવામાં આવી છે. આ જ ફિલ્મને મણિરત્નમના શિષ્ય શાદ અલિએ ૨૦૧૭માં હિન્દીમાં ફરી બનાવી પરંતુ આદિત્ય રોય કપૂર, શ્રદ્ધા કપૂર ને નસીરિદ્દીન શાહ જેવા કલાકારો હોવા છતા અસલ ફિલ્મ જેવો જાદુ આ ફિલ્મ બનાવી શક ન હતી.

દુનિયામાં કશું જ શાશ્વત નથી. કશું જ કાયમ રહેતું નથી. મોસમ બદલાય છે. સાગરમાં ભરતી પછી ઓટ આવે છે. પત્રપુષ્પથી શોભતી વસંતનું સ્થાન નિષ્પર્ણ શિશિર લે છે તેમજ સંબંધમાં પણ બદલાવ આવે છે. પ્રારંભના સુંદર રોમાંચક સંબંધને ધીમે ધીમે વાસ્તવિકતા સ્પર્શવા માંડે છે. સંબંધનું સ્વરૂપ ધીમે ધીમે જટિલ થતું જાય છે. કારણ કે, પતિપત્ની વચ્ચેનો સંબંધ ખૂબ ગાઢ અને વિરલ હોય છે. એટલે જ ક્દાચ એ નિભાવવો મુશ્કેલ હોય છે.

આપણે બધાં સામાન્ય રીતે એવું માનતા હોઈએ છીએ કે દામ્પત્યસંબંધ પારંપારિક રીતે જો જાળવી ન શકીએ તો એ આપણાં જીવનની નિષ્ફળતા અને કરુણતા જ કહેવાય. એટલે આ સંબંધમાં કોઈ પણ ચડાવ-ઉતાર આવે કે એમાં શુષ્ક બદલાવ આવે તો આપણને એ ગમતું નથી. આપણે એનાથી ડરી જઈએ છીએ. આપણે ખોટાં મૂલ્યો, ખ્યાલો અને આદતોના ઘટ્ટ માનસિક આવરણના બોજા નીચે જીવતાં હોઈએ છીએ. ખરી વાત તો એ છે કે આપણાં માનસ પર છવાયેલાં આ આવરણને આપણે ધીમે ધીમે દૂર કરવાનું હોય છે. દામ્પત્યજીવનમાં એક પછી એક વર્ષો વીતતાં જાય છે. સ્ત્રી અને પુરુષ બન્ને પોતપોતાની ભૂમિકામાં પરોવાઈ જાય છે. પુરુષ વ્યવસાયમાં, કારકિર્દીમાં અને બહારની દુનિયામાં વ્યસ્ત રહે છે. સ્ત્રી એની પારંપારિક ગૃહિણી અને માતાની ભૂમિકામાં, ઘરસંસારમાં અને કુટુંબમાં ખૂંપી જાય છે. આ હવે એમની નવી ભૂમિકા છે.

પરિચય અને પરિણયના પ્રારંભિક કાળમાં જે સંબંધ ખૂબ જ આત્મીયતાનો અને ઓતપ્રોતતાનો હતો. એનું સ્થાન આ નવી જવાબદારીભરી ભૂમિકાનો સંબંધ લેવા માંડે છે. સ્ત્રી બાળકોના લાલનપાલનમાં અને પુરુષ પોતાનાં કુટુંબના નિર્વાહના કામમાં, સમાજમાં પોતીકું સ્થાન ઊભું કરવામાં અને સત્તા અને સંપત્તિ મેળવવા પાછળ લાગી જાય છે. પરંતુ બન્નેને જીવનમાં કશુંક ખૂટતું લાગે છે. કશીક ઊણપ લાગે છે. એમને થાય છે કે એમના શરૂઆતના સંબંધમાં જે એક સુંદર મધુર તત્વ હતું તે ક્યાં ગયું? બન્ને એને ઝંખે છે, પણ આ સાથે એક બીજી વાત વિચારવાની જરૂર છે.

સ્ત્રી અને પુરુષ મનુષ્ય તરીકે સમાન પરંતુ બન્નેની મૂળભૂત જરૂરિયાતો અલગ અલગ હોય છે. પુરુષને બહારના જગતમાં સક્રિય સર્જનાત્મક રહેવાની તક સ્ત્રી કરતાં વધારે હોય છે, જ્યારે સ્ત્રીને અંગત સંબંધોની વધુ તક હોય છે. આધુનિક નારીને લાગે છે કે એની આટલી જ ભૂમિકા અને કાર્યક્ષેત્ર એને માટે પૂરતું નથી. એનું પોતીકું કંઈક કહી શકાય – કંઈક પોતાને કરવાનું હોય એનો સંતોષ એને આ મર્યાદિત ભૂમિકામાં મળતો નથી. પુરુષને અંગત સંબંધની ઉષ્માની ઊણપ લાગે છે. બન્ને એકબીજાંની અલગ અલગ જરૂરિયાત સમજી શકતાં નથી, ત્યારે બન્ને દુઃખી થાય છે. એમને થાય છે કે એમની વચ્ચે એક સરસ ઋજુ સંબંધ નિર્માણ કરવામાં એમનું લગ્નજીવન નિષ્ફળ ગયું છે. એમની વચ્ચેનો મનમેળ જતો રહ્યો છે. એમનું દામ્પત્યજીવન નીરસ અને શુષ્ક થઈ ગયું છે. બન્ને ખોવાઈ ગયાં છે. સાથે રહેવા છતાં જાણે કે એકબીજાથી વિખૂટાં પડી ગયાં છે. પહેલાનું એ ખળખળ વહેતું પ્રેમનું ઝરણું કેમ સુકાઈ ચાલ્યું?

આ સ્થિતિમાં પતિપત્ની ક્યારેક અલગ થઈ જાય છે. એમને સમજાતું નથી કે આમ કેમ બની રહ્યું છે. આ પરિસ્થિતિ માટે બન્નેને સામી વ્યક્તિ જ દોષિત લાગે છે. સામી વ્યક્તિને પારખવામાં પોતે થાપ તો નથી ખાઈ ગયા ને ?

માણસને પોતાની જાતને પામવી હોય છે બીજાના પ્રેમમાં પરંતુ આ શક્ય નથી. પોતાની જાતને ઓળખવાથી જ સ્વત્વ પ્રાપ્ત થાય છે. કોઈક પ્રકારની સર્જનાત્મક પ્રવૃત્તિમાં પડે છે ત્યારે જ માણસને પોતાની શક્તિ પુનઃપ્રાપ્ત થાય છે. મૂરઝાતા જતા સંબંધની સમસ્યાના ઉકેલમાં કદાચ આ મદદરૂપ થાય. જીવનની વાસ્તવિકતાના ભાર નીચે પ્રીતિનો જે નાજુક છોડ મૂરઝાઈ જાય છે તેને નવપલ્લિત કરી શકાય ? દામ્પત્યના મધ્યાંતરે આવી નાજુક પરિસ્થિતિ નિર્માણ થતી હોય છે. દામ્પત્યજીવનના નાટકનો પ્રથમ અંક પૂરો થાય છે.

પરિણીત જીવનના બે-અઢી દાયકામાં પ્રવૃત્તિઓનું ઘમસાણ હોય છે. એક પછી એક જવાબદારીઓ વધતી જાય છે. સંતાનોનો ઉછેર, શિક્ષણ, કારકિર્દી અને લગ્ન. આ બધાં કામોમાં ફુરસદ જ ક્યાં મળે છે ? જીવનમાં કશુંક પ્રાપ્ત કરવા માટે, સંસારનો માળો રચવા માટે કેટલો સંઘર્ષ કર્યો હતો ! આ પરિસ્થિતિમાં બેને નિરાંતે બેસવાનો સમય ક્યાં હતો ! એ વખતે સંબંધો જાળવવા, ખીલવવા ખૂબ મુશ્કેલ હોય છે. આ બધું પતિપત્નીને એકબીજાથી દૂર કરે છે. પ્રણયસંબંધના પ્રારંભમાં એ બે વચ્ચે જે one to one સંબંધ હતો તે રહેતો નથી. હવે આ બધી જવાબદારીઓ - મહત્ત્વાકાંક્ષાઓ ઘણી ઓછી થઈ ગઈ હોય છે. પતિપત્નીને મૂરઝાયેલા સંબંધને પુનર્જીવિત કરવાનો હવે અવકાશ મળે છે. એ સંબંધને એક નવું પરિમાણ આપવાનું હોય છે. નવો આયામ આપવાનો હોય છે. એમ જ કહોને કે હવે નવો યુગલધર્મ આચરવાનો હોય છે. આજ્ઞાંકિતતા, સ્પર્ધા અને સ્વામિત્વ નહિ, પણ બન્ને વચ્ચે બે માનવ વ્યક્તિઓનો બંધન - દબાવ કે તાણ વગરનો મૈત્રીભર્યો સંબંધ હોય !

પ્રારંભનો જે રોમાંટિક પ્રેમ હતો એને - એ સંબંધની યથાર્થતાને મુદત કે સાતત્ય સાથે સંબંધ નથી. સાતત્ય એટલે જ લગ્ન, પરંતુ સાતત્યનો અર્થ એ નથી કે એ પ્રેમનું સ્વરૂપ એક સરખું જ રહે.

Love is something that gathers strength with patience, grows despite obstacles, warms in winter, flourishes in spring, casts a breeze in summer and bears fruit in autumn. I found love.' – Khalil Gibran

ખલિલ જિબ્રાન કહે છે તેમ, પતિપત્ની બન્ને એકબીજાંની સામે જોતાં બેસી રહે તેમાં જ પ્રેમ સમાપ્ત થતો નથી. એક રોટલો હોય અને બન્ને સાથે બચકું ભરે તે બરાબર નથી. બન્નેએ સાથે વહેંચીને ખાવાનો છે. ખલિક જિબ્રાને આગળ કહ્યું છે : 'સાથે ગાજો અને નાચજો તથા હર્ષથી ઊભરાજો. પણ બેઉ એકાકી જ રહેજો, જેમ વીણાના તારો એક જ સંગીતથી ગૂંજતા છતાં પ્રત્યેક છૂટો હોય છે તેમ ! સાથે ઊભાં રહેજો પણ એકબીજાંની અડોઅડ નહિ, દેવદાર અને સાગ એકબીજાંની છાયામાં ઊગતાં નથી.

- jayuoza@gmail.com,
Mo.9898046488

'બડી, મૈં સિગરેટ પીતા હું યે મેમ સાહબ કો મત બતા દેના યાર...'

આત્મનાદ
પુલક ત્રિવેદી
pulak63@gmail.com

આજે વાત કરવી છે, દોઢ-બે દાયકા પહેલાની ગાંધીનગરના સિમાડે બનેલી એક રક્તરંજીત દર્દનાક સાંજની. હદય હચમચાવી મુકે એવી એ ઘટના યાદ આવતા આજે પણ રૂવાડા ખડા થઈ જાય છે. એનએસજી બ્લેક કેટ કમાન્ડોના સ્કવોર્ડન કમાન્ડર તુષાર જોષી અને એમના જવામર્દ કમાન્ડોએ આ ખોફનાક ઘડીઓમાં કરેલા અદભુત કારનામાની વાત છે. બ્લેક કેટ કમાંડો તુષાર જોષીએ જ્યારે આ ઘટના સ્વયં કહી ત્યારે એ સાંભળતા વેંત ભારતીય સેનાના જવાનો માટે સેલ્યુટ મારવા હાથ આપોઆપ મસ્તક ઉપર પહોંચી ગયો. વર્ષ ૨૦૦૨ના સપ્ટેમ્બર મહિનાની ૨૪મી તારીખે કમાન્ડર તુષાર એમની રૂટીન ડ્રીલ કરીને સાંજે ઘરે જઈને કપડા બદલીને ડ્રોઈંગ રૂમમાં હજી બેઠા જ હતા અને પાંચેક વાગ્યાના સુમારે એમના વાયરલેસ રેડિયો સેટ ઉપર સંદેશો મળ્યો કે, 'સ્કવોર્ડન કમાન્ડર ગુજરાત કે અક્ષરધામ મંદિર પર ટેરેરીસ્ટ એટેક હુઆ હૈ. આપકો અભી ઈસી વક્ત ગુજરાત જાના હોગા. આપ જલ્દ પાલમ એરપોર્ટ પહુંચ જાઈએ.'

હરીયાણામાં પોસ્ટેડ સ્વોર્ડન કમાન્ડર તુષાર જોષી એક પળનો પણ વિલંબ કર્યા વગર પહેરેલા કપડે દિલ્હીના પાલમ હવાઈ મથકે જવા માટે રવાના થઈ ગયા. પાલમ એરપોર્ટ ઉપર જ્યારે તુષાર પહોંચ્યા ત્યારે હાયર-૭૬ લશ્કરી વિમાન અને એમના ૩૫ જવામર્દ એનએસજી કમાન્ડો તૈયાર હતા. ફટાફટ વેપન્સ અને સાથીઓને લઈને કમાન્ડર તુષાર વિમાનમાં ગોઠવાઈ ગયા. પ્લેનમાં તેમના સાથીઓને બ્રીફીંગમાં એમણે માત્ર એટલું જ કહ્યું કે, 'ગુજરાતના ગાંધીનગરમાં અક્ષરધામ મંદિર ઉપર આતંકવાદી હુમલો થયો છે. મને અક્ષરધામ મંદિર ક્યાં આવેલું છે, કેવું છે એની કશી ખબર નથી. આપણે આ મંદિરને આતંકવાદીઓના પંજામાંથી મુક્ત કરાવવાનું છે.'

૨૪ સપ્ટેમ્બર, ૨૦૦૨ની રાત્રે અમદાવાદના એરપોર્ટ ઉપર કમાન્ડર તુષાર એમના જાંબાઝ જવાનો સાથે લેન્ડ થયા અને બરાબર દસને દસે એનએસજી કમાંડો અને એમના હથિયારો સાથેની ત્રણ બસ ગાંધીનગર અક્ષરધામ પહોંચી. આઈજી ચક્રવર્તીજીએ એનએસજી કમાન્ડર તુષારને સ્પોટ બ્રીફીંગ કરી સમગ્ર ઓપરેશન એમને હવાલે કર્યું. તુષાર પાસે અક્ષરધામના મોડેલના આધારે જ વિગતો હતી. એમની પાસે અક્ષરધામ કુલ કેટલા વિસ્તારમાં ફેલાયેલું છે ? ત્યાં કયા કયા વિભાગોના એકઝેક્ટ લોકેશન ક્યાં આવેલા છે ? એ બધું સમજવાનો બિલકુલ સમય જ ન હતો.

એમણે સૌથી પહેલા એમના બ્લેક કેટ કમાન્ડોને નાની નાની ટુકડીઓમાં વિભાજીત કરી એમના લોકેશન ફીક્સ કર્યા. તુષારે લાંબા અંતરેથી પણ સચોટ નિશાન તાકી શકે એવા 'સ્નાઈપર્સ'લ કેટલાક વિશેષ સ્થાનો ઉપર ડિપ્લોય કર્યા. આ સ્નાઈપર્સના બે મુખ્ય કામ હોય છે. એક તો દુશ્મન ક્લીયર કટ દેખાય એટલે એને ત્યાં જ ઠાર મારવો અને બીજું બાજ નજર રાખી દુશ્મનની હિલચાલની રજે રજની માહિતી રાખવી. અક